Saturday
20.06.2026
*Volume :10 * Issue No.344
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451

*Office : A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-






# પ્રધાનમંત્રી ૨૦-૨૧ જૂનના રોજ પશ્ચિમ બંગાળની મુલાકાત લેશે

## પ્રધાનમંત્રી દેશભરના ૯.૪૪ કરોડથી વધુ ખેડૂતોને લાભ આપતો ૧૮,૮૮૦ કરોડ રૂપિયાનો પીએમ-કિસાનનો ૨૩મો હપ્તો જાહેર કરશે

**પ્રધાનમંત્રી ૨૦ જૂનના રોજ હુગલીમાં પશ્ચિમબંગા દિવસની ઉજવણીમાં ભાગ લેશે**

**પ્રધાનમંત્રી પશ્ચિમ બંગાળમાં ઘણી મુખ્ય કેન્દ્રીય કૃષિ યોજનાઓના અમલીકરણની શરૂઆત કરાવશે**

**આ યોજનાઓમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના, એગ્રી સ્ટેક, નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ અને પ્રધાનમંત્રી ધન-ધાન્ય કૃષિ યોજનાનો સમાવેશ થાય છે**



પ્રધાનમંત્રી રેલવે, કૃષિ, ગ્રામીણ વિકાસ, મત્સ્યોદ્યોગ અને પશુપાલન ક્ષેત્રોમાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું લોન્ચિંગ, રાષ્ટ્રને સમર્પણ અને શિલાન્યાસ કરશે

**પ્રધાનમંત્રી કોલકાતાના શ્યામા પ્રસાદ મુખર્જી પોર્ટ પર સ્વદેશી રીતે ડિઝાઇન કરાયેલા અને નિર્મિત ત્રણ નૌકાદળના જહાજો – આઇએનએસ દૂનાગિરી, આઇએનએસ સંશોધક અને આઇએનએસ અગ્રયને કાર્યરત કરશે**

**આ જહાજોનું નિર્માણ ૨૦૦ થી વધુ એમએસએમઇ સહિત ભારતીય ઉદ્યોગોની વ્યાપક ભાગીદારી સાથે કરવામાં આવ્યું છે**

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૬ની થીમ: "સ્વસ્થ વૃદ્ધાવસ્થા માટે યોગ"

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૦-૨૧ જૂન ૨૦૨૬ના રોજ પશ્ચિમ બંગાળની મુલાકાત લેશે. ૨૦ જૂનના રોજ, આશરે બપોરે ૩:૪૫ વાગ્યે, પ્રધાનમંત્રી હુગલી જિલ્લાના તારકેશ્વર ખાતે પશ્ચિમબંગા દિવસ (પશ્ચિમ બંગાળ દિવસ)ની ઉજવણીમાં ભાગ લેશે. તેઓ પશ્ચિમ બંગાળમાં બહુવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું લોન્ચિંગ, રાષ્ટ્રને સમર્પણ અને શિલાન્યાસ કરશે. તેઓ આ પ્રસંગે જનમેદનીને સંબોધિત પણ કરશે. ૨૧ જૂનના રોજ, આશરે સવારે ૬:૩૦ વાગ્યે, પ્રધાનમંત્રી કોલકાતામાં ૧૨માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં ભાગ લેશે. તેઓ આ પ્રસંગે સભાને સંબોધિત પણ કરશે. ત્યારબાદ, આશરે સવારે ૯:૧૫ વાગ્યે, પ્રધાનમંત્રી કોલકાતાના શ્યામા પ્રસાદ મુખર્જી પોર્ટ પર સ્વદેશી રીતે ડિઝાઈન અને નિર્માણ કરાયેલા ત્રણ નૌકાદળના જહાજો- આઈએનએસ દૂનાગિરી, આઈએનએસ સંશોધક અને આઈએનએસ અગ્રયને કાર્યરત કરશે. તેઓ આ પ્રસંગે મેળાવડાને સંબોધિત પણ કરશે.

**હુગલીમાં પ્રધાનમંત્રી**

પ્રધાનમંત્રી પશ્ચિમ બંગાળ દિવસની ઉજવણીમાં ભાગ લેશે. રાજ્ય કક્ષાની આ ઉજવણી હુગલીના તારકેશ્વર ખાતે યોજાઈ રહી છે, જે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી સાથે જોડાયેલું ઐતિહાસિક મહત્વ ધરાવતું સ્થળ છે. આ વર્ષના પશ્ચિમબંગા દિવસની થીમ: "પશ્ચિમ બંગાળ: હેરિટેજ, હાર્મની એન્ડ ડેવલપમેન્ટ" (પશ્ચિમ બંગાળ: વારસો, સૌહાર્દ અને વિકાસ) છે, જે રાજ્યની સાંસ્કૃતિક સમૃદ્ધિ, સામાજિક એકતા અને વિકાસની આકાંક્ષાઓને પ્રતિબિંબિત કરે છે. કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી બહુવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું લોન્ચિંગ, રાષ્ટ્રને સમર્પણ અને શિલાન્યાસ કરશે. રેલવે, કૃષિ, ગ્રામીણ વિકાસ, મત્સ્યોદ્યોગ અને પશુપાલન ક્ષેત્રોને આવરી લેતી આ પહેલો માળખાકીય સુવિધાઓને મજબૂત કરશે, આજીવિકામાં સુધારો કરશે, ખેડૂતોનું કલ્યાણ વધારશે અને સમગ્ર રાજ્યમાં સામાજિક-આર્થિક વિકાસને વેગ આપશે. પ્રધાનમંત્રી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો ૨૩મો હપ્તો જાહેર કરશે. આ હપ્તા હેઠળ, દેશભરના ૯.૪૪ કરોડથી વધુ ખેડૂતોના બેંક ખાતામાં ૧૮,૮૮૦ કરોડ રૂપિયાથી વધુની રકમ સીધી ટ્રાન્સફર કરવામાં આવશે. એકલા પશ્ચિમ બંગાળમાં, ૪૫ લાખથી વધુ લાભાર્થીઓના ખાતામાં ૯૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમ જમા કરવામાં આવશે, જેની સાથે રાજ્યમાં આ યોજના હેઠળ કુલ વિતરણ ૧૫,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ થઈ જશે. ૨૦૧૯માં આ યોજના શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં દેશભરમાં કુલ વિતરણ ૪.૪૬ લાખ કરોડ રૂપિયાથી વધુ થયું છે.

પ્રધાનમંત્રી પશ્ચિમ બંગાળમાં ઘણી મુખ્ય કેન્દ્રીય કૃષિ યોજનાઓના અમલીકરણની શરૂઆત કરાવશે. આ યોજનાઓમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના, ડિજિટલ એગ્રીકલ્ચર મિશનના ભાગ રૂપે એગ્રી સ્ટેક, નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ અને પ્રધાનમંત્રી ધન-ધાન્ય કૃષિ યોજનાનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી પશ્ચિમ બંગાળમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY) નું લોન્ચિંગ કરશે, જેનાથી રાજ્યના ખેડૂતોને વિશ્વની સૌથી મોટી પાક વીમા યોજનાના લાભો મળશે. વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન, આ પહેલનો ઉદ્દેશ્ય પશ્ચિમ બંગાળ રાજ્યમાં આશરે ૧૪ લાખ હેક્ટર કૃષિ જમીન પરના લગભગ ૫૦ લાખ ખેડૂતોને વીમા કવચ પૂરું પાડવાનો છે, જે નોંધપાત્ર પ્રીમિયમ સબસિડી દ્વારા ખેડૂતોને ટેકો આપવાની સાથે આશરે ૨૮,૧૪૦ કરોડ રૂપિયાના અંદાજિત વીમા મૂલ્ય ધરાવતા પાકનું રક્ષણ કરશે. ડિજિટલ એગ્રીકલ્ચર મિશનના ભાગ રૂપે, પ્રધાનમંત્રી પશ્ચિમ બંગાળમાં એગ્રીસ્ટેક લોન્ચ કરશે, જે ખાતર વિતરણ, કિસાન ક્રેડિટ કાર્ડ, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર અને લઘુત્તમ ટેકાના ભાવ સિસ્ટમ હેઠળ ખરીદી જેવી ચકાસાયેલ કૃષિ-સંબંધિત સેવાઓ માટે એકીકૃત ડિજિટલ પ્લેટફોર્મ સક્ષમ બનાવશે. આ પહેલ કૃષિમાં ડિજિટલ ગવર્નન્સને મજબૂત કરશે અને ખેડૂત-કેન્દ્રિત સેવાઓની કાર્યક્ષમ ડિલિવરીની સુવિધા આપશે. પ્રધાનમંત્રી પશ્ચિમ બંગાળમાં પરંપરાગત ભારતીય પદ્ધતિઓમાં મૂળ ધરાવતી ટકાઉ, રસાયણમુક્ત ખેતીને પ્રોત્સાહન આપવા માટે કુદરતી ખેતી પર રાષ્ટ્રીય મિશન પણ લોન્ચ કરશે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે મંજૂર કરાયેલ વાર્ષિક એક્શન પ્લાન હેઠળ, રાજ્ય ૧૭,૩૦૦ હેક્ટર વિસ્તારને આવરી લેતા ૩૪૬ પ્રાકૃતિક ખેતી ક્લસ્ટરો સ્થાપિત કરશે, તેમજ બાયો-ઇનપુટ રિસોર્સ સેન્ટર્સ બનાવશે અને પર્યાવરણને અનુકૂળ ખેતી પદ્ધતિઓ અપનાવવા માટે કૃષિ સખીઓને ગતિશીલ કરશે. સંકલિત કૃષિ વિકાસ તરફના એક મોટા પગલાંમાં, પ્રધાનમંત્રી પશ્ચિમ બંગાળમાં પ્રધાનમંત્રી ધન-ધાન્ય કૃષિ યોજના (PMDDKY) ના અમલીકરણની પણ શરૂઆત કરશે. આ યોજના પુરુલિયા, દાર્જીલિંગ, અલીપુરદ્વાર અને ઝારગ્રામ જિલ્લાઓને આવરી લેશે, જેમાં કૃષિ ઉત્પાદકતા સુધારવા, પાક વૈવિધ્યકરણ અને ટકાઉ ખેતીને પ્રોત્સાહન આપવા, લણણી પછીની માળખાકીય સુવિધાઓ અને સિંચાઈ સુવિધાઓને મજબૂત કરવા, સંસ્થાકીય ધિરાણ સુધીની પહોંચ વધારવા અને સર્વગ્રાહી ગ્રામીણ વિકાસ માટે બહુવિધ કેન્દ્રીય તેમજ રાજ્યની યોજનાઓનું સંકલન સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

પ્રધાનમંત્રી દક્ષિણ ૨૪ પરગણાના ફ્રેઝરગંજ ખાતે આધુનિકીકરણ અને ક્ષમતા વિસ્તરણ કરાયેલ મત્સ્ય બંદર અને બીરભૂમના સેંથિયા ખાતે નવનિર્મિત આધુનિક મત્સ્ય બજારનું ઉદ્ઘાટન કરશે. આ પ્રોજેક્ટ્સ મત્સ્યોદ્યોગના માળખાને મજબૂત કરશે, લણણી પછીના વ્યવસ્થાપનમાં સુધારો કરશે અને માછલી ઉત્પાદકો તેમજ વેપારીઓ માટે બજારની વધુ સારી સુવિધાઓ પૂરી પાડશે. પ્રધાનમંત્રી નાદિયા જિલ્લાના હરિંગઘાટા ખાતે બકરીઓ માટેની પ્રાદેશિક વીર્ય ઉત્પાદન પ્રયોગશાળા અને સીમેન બેંકનું પણ ઉદ્ઘાટન કરશે. પશુપાલન અને ડેરી વિભાગના રાષ્ટ્રીય પશુધન મિશન હેઠળ સ્થાપિત આ સુવિધા પૂર્વ ભારતમાં આ પ્રકારની પ્રથમ સુવિધા છે અને તે વૈજ્ઞાનિક પશુધન સંવર્ધન, આનુવંશિક સુધારણા અને ઉન્નત ઉત્પાદકતામાં નોંધપાત્ર યોગદાન આપશે. પ્રધાનમંત્રી આશરે ૫૯૦ કરોડ રૂપિયાના મૂલ્યના મહત્વપૂર્ણ રેલવે પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરશે અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી હાવડા જિલ્લામાં સાંકરાઈલ-સાંત્રાગાછી લિંક લાઈન પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કરશે. આ પ્રોજેક્ટ પૂર્વ ભારતના સૌથી વ્યસ્ત રેલ કોરિડોરમાંથી એકને ભીડમુક્ત કરવામાં, ઓપરેશનલ કાર્યક્ષમતામાં સુધારો કરવામાં અને પેસેન્જર તેમજ માલગાડીઓ બંનેની સરળ અવરજવર સક્ષમ કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. પ્રધાનમંત્રી હાવડા ખાતે ૩૦૦ બેડની નવી ડિવિઝનલ રેલવે હોસ્પિટલનો શિલાન્યાસ કરશે. આધુનિક હેલ્થકેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અદ્યતન નિદાન સુવિધાઓ, નિષ્ણાત તબીબી સેવાઓ અને કટોકટીની સંભાળની સુવિધાઓથી સજ્જ આ હોસ્પિટલ રેલવેના લાભાર્થીઓ અને આ પ્રદેશના લોકો માટે આરોગ્ય સેવાઓને નોંધપાત્ર રીતે મજબૂત કરશે. પ્રધાનમંત્રી પૂર્વ મેદિનીપુર જિલ્લામાં હૌર અને રાધામોહનપુર વચ્ચે રોડ ઓવર બ્રિજનો શિલાન્યાસ પણ કરશે. આ પ્રોજેક્ટ રેલવે અને રોડ યુઝર્સ બંને માટે સુરક્ષા વધારશે અને ટ્રાફિકની સરળ અને અવિરત અવરજવરની સુવિધા આપશે. પ્રધાનમંત્રી પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (PMGSY-III) હેઠળ વિકસાવવામાં આવેલા ૪૯ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે. પશ્ચિમ બંગાળના વિવિધ જિલ્લાઓમાં ૩૧૫ કિલોમીટરથી વધુની કુલ લંબાઈ ધરાવતા આ પ્રોજેક્ટ્સ ગ્રામીણ કનેક્ટિવિટીમાં સુધારો કરશે, બજારો, શૈક્ષણિક સંસ્થાઓ અને આરોગ્યસંભાળ સુવિધાઓ સુધી પહોંચ સરળ બનાવશે અને સંતુલિત પ્રાદેશિક વિકાસમાં યોગદાન આપશે. આ પ્રોજેક્ટ્સ સામૂહિક રીતે સમગ્ર પશ્ચિમ બંગાળમાં માળખાકીય સુવિધાઓને મજબૂત કરવા, ખેડૂતોને સશક્ત કરવા, આજીવિકા વધારવા અને નવી આર્થિક તકો ઊભી કરવા તરફનું એક મોટું પગલાં સમાન છે. આ પહેલો સર્વસમાવેશક વિકાસ, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપીને વિકસિત પશ્ચિમ બંગાળ અને વિકસિત ભારતના વિઝનમાં નોંધપાત્ર યોગદાન આપશે.

**કોલકાતામાં પ્રધાનમંત્રી**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી કોલકાતાના રેડરોડ પરથી ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાષ્ટ્રીય ઉજવણીનું નેતૃત્વ કરશે. પ્રધાનમંત્રી સભાને સંબોધિત કરશે અને હજારો યોગ સાધકો સાથે કોમન યોગ પ્રોટોકોલ સત્રમાં ભાગ લેશે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૬ની થીમ, "સ્વસ્થ વૃદ્ધાવસ્થા માટે યોગ", શારીરિક સ્વાસ્થ્ય, માનસિક સુખાકારી, ભાવનાત્મક સ્થિતિસ્થાપકતા અને સક્રિય વૃદ્ધાવસ્થાને પ્રોત્સાહન આપવામાં યોગની ભૂમિકા પર પ્રકાશ પાડે છે, જેનાથી જીવનની ગુણવત્તામાં સુધારો થાય છે. વધતા જતા આયુષ્ય અને સ્વસ્થ, સક્રિય તેમજ ગૌરવપૂર્ણ વૃદ્ધાવસ્થા પર વધતા ભારના આ યુગમાં આ થીમ ખાસ કરીને પ્રાસંગિક છે. વર્ષ ૨૦૧૫માં તેની શરૂઆત થઈ ત્યારથી, જ્યારે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA) એ ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાના ભારતના પ્રસ્તાવને સ્વીકાર્યો હતો, ત્યારે પ્રધાનમંત્રીએ નવી દિલ્હી, ચંદીગઢ, લખનૌ, મૈસૂર, ન્યૂયોર્ક (યુએન હેડક્વાર્ટર), અને શ્રીનગર તેમજ વિશાખાપટ્ટનમ સહિત વિવિધ સ્થળો એથી ઉજવણીનું નેતૃત્વ કર્યું છે.

વિશ્વભરમાં અંદાજે ૨,૫૦૦ સ્થળોએ યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેમાં ૨૧૦ થી વધુ ભારતીય મિશનો અને પોસ્ટ્સની ભાગીદારી છે, જે સ્વાસ્થ્ય, સૌહાર્દ અને સામૂહિક સુખાકારી માટે વૈશ્વિક ચળવળ તરીકે યોગની સ્થિતિને પુનઃપુષ્ટ કરે છે. પ્રધાનમંત્રી સ્વદેશી રીતે ડિઝાઈન કરાયેલા અને નિર્મિત ત્રણ નૌકાદળના જહાજો - આઈએનએસ દૂનાગિરી, આઈએનએસ સંશોધક અને આઈએનએસ અગ્રયને પણ કાર્યરત કરશે.

આ જહાજોનો સમાવેશ દેશની ઓપરેશનલ ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો કરશે, દરિયાઈ ક્ષેત્રની જાગરૂકતાને વધારશે અને ભૌગોલિક રાજકીય જોખમો સામે આપણા દરિયાકાંઠાના પાણીની સુરક્ષાને મજબૂત કરશે. ત્રણેય જહાજો ભારતીય નૌકાદળના વૉરશિપ ડિઝાઈન બ્યુરો દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યા હતા અને કોલકાતામાં ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જીનિયર્સ (GRSE) દ્વારા બનાવવામાં આવ્યા હતા, જેમાં ૨૦૦ થી વધુ એમએસએમઈ સહિત ભારતીય ઉદ્યોગોની વ્યાપક ભાગીદારી હતી. ૭૫ ટકાથી વધુ સ્વદેશી સામગ્રી સાથે, આ જહાજો આત્મનિર્ભરતા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનું પ્રમાણ પણ છે.




# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ધરતીમાતાને હરિયાળી કરવાના સંકલ્પરૂપે આપેલા અભિયાન “એક પેડમાં કે નામ” અન્વયે રાજ્યપાલ શ્રી આચાર્યદેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નવસારીના આદિજાતિ વિસ્તાર આછવણીમાં વૃક્ષારોપણ કર્યું






કમલમ્,

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ નવસારી જિલ્લાના આદિજાતિ વિસ્તાર આછવણીમાં ગુરૂવારે એક પેડ માં કે નામ-૩.૦ અંતર્ગત ગ્રામજનો સાથે વૃક્ષારોપણમાં સહભાગી થયા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ધરતી માતાને હરિયાળી બનાવવા ગ્રીન કવર વધારવાનું આહવાન કર્યુ છે અને દરેક વ્યક્તિને પોતાની માતાની સ્મૃતિમાં એક વૃક્ષ-“એક પેડ માં કે નામ” અન્વયે વાવવાની અપિલ કરેલી છે. વડાપ્રધાનશ્રીએ ૨૦૨૪માં વિશ્વ પર્યાવરણ દિવસથી શરૂ કરાવેલા આ દેશવ્યાપી અભિયાનના બે તબક્કાઓ પૂર્ણ થયા છે અને આ વર્ષે એક પેડ માં કે નામ-૩.૦ અંતર્ગત ગુજરાતે ૮ કરોડ રોપાઓના વાવેતરનો લક્ષ્યાંક રાખ્યો છે.

આ અભિયાનના પ્રથમ ચરણમાં ૨૦૨૪માં ગુજરાતે ૧૭.૫૦ કરોડ રોપાઓનુ તેમજ ૨૦૨૫માંબીજા ચરણમાં ૧૦.૯૬ કરોડ રોપાઓનું વાવેતર કરીને અગ્રેસરતા મેળવી છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અનેમુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુરૂવારે સાંજે નવસારીના ખેરગામ તાલુકાના આછવણીમાં ગ્રામજનોના સહયોગથી હરિયાળુ ગામ અને ઈ-પર્યાવરણ અંતર્ગત વૃક્ષારોપણ કર્યુ હતું. જેમાં એકપેડ માં કે નામ-૩.૦ અભિયાન હેઠળ વિવિધ ૨૮ પ્રજાતિના ૧૬૦૦ વૃક્ષોનું વાવેતર અને ઉછેર કરાશે. રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ આ વૃક્ષારોપણ ઉપરાંત નવસારી જિલ્લાના આદિજાતિ ગામો આછવણી અને પાણીખડકમાં ગુરૂવારે રાત્રી રોકાણ કરીને ગ્રામ સભામાં ગ્રામ જનો સાથે સંવાદ, સામૂહિક સફાઈ અને પ્રાકૃતિકખેતી અંગે સંવાદ વાર્તાલાપ કર્યા હતો. એક પેડ માં કે નામ-૩.૦ અભિયાન અન્વયે નવસારી જિલ્લામાં સમગ્રતયા ૪૨.૩૪ લાખ વૃક્ષોના વાવેતરનો વન વિભાગેલક્ષ્યાંક રાખ્યો છે. નવસારી જિલ્લાએ ૨૦૨૫-૨૬માં એક પેડ માં કે નામ-૨.૦માં શહેરી અને ગ્રામીણ વિસ્તાર મળીને કુલ ૨૦.૩૮ લાખ રોપાઓનું વાવેતર કર્યુહતું.

રાજ્યપાલશ્રી

આ પ્રસંગે ગ્રામજનોનેપ્રેરણા આપતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, પ્રકૃતિ અને પર્યાવરણનું રક્ષણ એ માત્ર આપણી જવાબદારી નથી, પરંતુ આપણી નૈતિક ફરજ છે. ગ્લોબલ વોર્મિંગઅને ક્લાઈમેટ ચેન્જના આ યુગમાં જો આપણે આપણી ધરતી માતાને બચાવવી હશે, તો પ્રાકૃતિક સંસાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો જ પડશે. તેમણે રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના અતિશય વપરાશ સામે ચિંતા વ્યક્ત કરતા ઉમેર્યુંકે, ખેતીમાં પ્રાકૃતિક પદ્ધતિઓ અપનાવવાથી જ જમીનની ફળદ્રુપતા અને માનવ સ્વાસ્થ્યનું રક્ષણ થઈ શકશે.રાજ્યપાલ શ્રીએ પ્રધાનમંત્રીશ્રીના ‘એક પેડ મા કે નામ’ અભિયાનને બિરદાવતા ગ્રામજનોનેવધુમાં વધુ વૃક્ષારોપણ કરવા અને વાવેલા વૃક્ષોનું સંતાનની જેમ જતન કરવા આહવાન કર્યુંહતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, પાણીના ટીપે-ટીપાનો સંગ્રહ અને પ્રત્યેક નાગરિક દ્વારા પર્યાવરણની જાળવણી માટે લેવાયેલું એક નાનું પગલું પણ ભવિષ્યની પેઢીઓ માટે વરદાન સાબિત થશે. ગ્રામીણ સ્તરેથી શરૂ થયેલી આ જનજાગૃતિ જ સદૃઢ અને સમૃદ્ધ ભારતના નિર્માણનો પાયો બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રકૃતિના જતન અને સંવર્ધન પર વિશેષ ભાર મૂકતા જણાવ્યું છે કે, જો આપણે પ્રકૃતિનું ધ્યાન રાખીશું તો જ આપણું જીવન અને સંસ્કૃતિ ટકાવી શકીશું. કોરોના કાળના કપરા સમયની યાદ અપાવતા તેમણે ઉમેર્યું કે, કુદરતે માનવ જાતને સૌને મોટો પાઠ ભણાવ્યો છે કે ગમે તેટલા પૈસા કે વૈભવ હશે, પરંતુ જો ઓક્સિજન નહીં મળે તો શરીર છોડવું પડશે અને કોઈનુંકંઈ ચાલશે નહીં. મુખ્યમંત્રીશ્રીએ વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નાગરિકોને સંસાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. તેમણે પાણી અને પેટ્રોલ બચાવવા માટે જાગૃત થવા અપીલ કરીને જળસંચયના મહત્વ પર ભાર મૂકતા કહ્યું કે, રાજ્યમાં વધુમાં વધુ તળાવો બને અને તે પાણીથી ભરાય તે માટે આપણા સૌના સામૂહિક પ્રયાસો હોવા જોઈએ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંવેદનશીલ અભિગમથી પર્યાવરણ સંરક્ષણના અભિયાનોમાં જન જનને જોડ્યા છે ત્યારે રાજ્યના પ્રત્યેક નાગરિકને પોતાની માતાના નામે એક વૃક્ષ વાવવા અને ઉછેરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રેરક આહવાન કર્યું હતું.

આ પ્રસંગે નવસારી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી નિરાલીબેન નાયક, ધારાસભ્ય શ્રી રાકેશભાઈ દેસાઈ, જિલ્લા કલેક્ટરશ્રી મનીષ ગુરવાની, જિલ્લા વિકાસ અધિકારીશ્રી કાર્તિક જીવાણી, જિલ્લા પોલીસવડા શ્રી રાહુલ પટેલ, પ્રાયોજના વહીવટદાર શ્રી સ્વપ્નીલ એમ સિસલે, નાયબ વન સંરક્ષક સુશ્રી ઉર્વશી પ્રજાપતિ, પદાધિકારી-અધિકારીઓ, સ્થાનિક આગેવાનો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ખાદ્ય સુરક્ષા અને જન આરોગ્યના સંરક્ષણ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ : આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા




કમલમ્,રાજકોટ

રાજ્યમાં નાગરિકોને શુદ્ધ, સલામત અને ગુણવત્તાયુક્ત ખાદ્ય પદાર્થો ઉપલબ્ધ થાય તેમજ જન આરોગ્યનુંસંરક્ષણ સુનિશ્ચિત થાય તે માટે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના માર્ગદર્શન હેઠળ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યવ્યાપી ચકાસણી અને અમલીકરણની કામગીરી સતત હાથ ધરવામાં આવી રહી છે. આ અંતર્ગત ખોરાક અને ઔષધ નિયમનતંત્ર, રાજકોટ દ્વારા તા. ૧૭ જૂન, ૨૦૨૬ના રોજ ગોંડલ ખાતે આવેલી મે. સત્યમ મસાલા, ભીમવાડી ખાતે સઘન તપાસ (રેડ) કરવામાં આવી હતી. તપાસ દરમિયાન પેઢીમાંથી કુલ ચાર શંકાસ્પદ ખાદ્ય પદાર્થોના નમૂનાઓ લેવામાં આવ્યા હતા. જેમાં ધાણા પાઉડર (Coriander Powder - Loose) અને કોર્નપાઉડર (Corn Powder -Loose) ના નમૂનાઓ લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત આ બંને પદાર્થોનો આશરે ૬,૭૬૬ કિલોગ્રામ જથ્થો, જેની અંદાજિત કિંમત રૂ. ૮,૨૨,૬૨૦/- થાય છે, તેનેસીઝ કરવામાં આવ્યો હતો. તેમજ મરચું પાઉડર (Chilly Powder - Loose) અને હળદર પાઉડર (Turmeric Powder - Loose) ના નમૂનાઓ લેવામાં આવ્યા હતા. આ ખાદ્ય પદાર્થોનો આશરે ૨૮,૬૭૧ કિલોગ્રામ જથ્થો, જેની અંદાજિત કિંમત રૂ. ૧,૦૨,૮૧,૫૮૫/-થાય છે, તેને પણ સીઝ કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન કુલ ૩૫,૫૨૭ કિલોગ્રામ શંકાસ્પદ ખાદ્ય પદાર્થોનો જથ્થો, જેની અંદાજિત કિંમત રૂ. ૧,૧૧,૦૪,૨૦૫/- (એક કરોડ અગિયાર લાખ ચાર હજાર બસો પાંચ) થાય છે, તેને સીઝ કરવામાં આવ્યો છે. લેવામાં આવેલા નમૂનાઓનેગુણવત્તા ચકાસણી માટે માન્ય પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા છે. લેબોરેટરીના અહેવાલના આધારે ખાદ્ય સુરક્ષા અને ધોરણ અધિનિયમ હેઠળ જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આરોગ્ય મંત્રી શ્રીપ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું છે કે રાજ્ય સરકાર જન આરોગ્ય સાથે સંકળાયેલા મુદ્દાઓ પ્રત્યે અત્યંત સંવેદનશીલ છે. ભેળસેળયુક્ત, હલકી ગુણવત્તાવાળા અથવા ગ્રાહકોના આરોગ્યને જોખમમાં મૂકતા ખાદ્ય પદાર્થોના ઉત્પાદન અને વેચાણ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. જનઆરોગ્યના હિતમાં આવા તત્વો સામે કોઈપણ પ્રકારની ઢીલાશ રાખવામાં આવશે નહીં. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યભરમાં ચકાસણી અભિયાનને વધુ સઘન બનાવવામાં આવી રહ્યું છે અને નાગરિકોના આરોગ્યના હિતમાં આવી કાર્યવાહી આગામી સમયમાંપણ સતત ચાલુ રહેશે

# કેન્દ્રે ચાર રાજ્યોમા PSS હેઠળ કઠોળ અને તેલીબિયાંની મોટા પાયે ખરીદીને મંજૂરી આપી; ખેડૂતોને ફાયદો થશે: શ્રી શિવરાજ સિંહ ચૌહાણ

**તમિલનાડુનો મગ ખરીદીનો લક્ષ્યાંક વધારીને ૯૯૦ એમટી કરાયો; ખેડૂતોને સીધો લાભ મળશે**

**કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે કઠોળની મોટી લઘુત્તમ ટેકાના ભાવે ખરીદીને મંજૂરી આપી; ઉત્તર પ્રદેશનું પેકેજ ૧,૪૯૦ કરોડ રૂપિયાથી વધુ મૂલ્યનું**



કમલમ્,

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ તેમજ ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે ગુરુવારે વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા ચાર રાજ્યો માટે લઘુત્તમ ટેકાના ભાવ (એમ એસપી) પર કઠોળ અને તેલીબિયાંની મોટા પાયે ખરીદીને મંજૂરી આપી છે. આ ખરીદી તમિલનાડુ, ગુજરાત, ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં પ્રાઈસ સપોર્ટ સ્કીમ (પીએસએસ) હેઠળ કરવામાં આવશે, જે ખેડૂતો માટે લાભદાયક ભાવ સુનિશ્ચિત કરશે અને તેમને મજબૂરીમાં થતા વેચાણ (ડિસ્ટ્રેસ સેલ) થી બચાવશે. કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણ દ્વારા લેવાયેલા નિર્ણય હેઠળ ઉત્તર પ્રદેશ સૌથી મોટો લાભાર્થી બનીને ઉભરી આવ્યુંછે. ઉનાળુ ૨૦૨૬ની સીઝન માટે, રાજ્ય માટે ૪૮,૨૯૮ મેટ્રિક ટન (એમટી) મગ, ૯૭,૯૭૦ એમટી અડદ અને ૪૧,૭૧૮ એમટી મગફળીની ખરીદીને મંજૂરી આપવામાંઆવી છે. આ મંજૂરીઓનું કુલ એમએસપી મૂલ્ય ૧,૪૯૦ કરોડ રૂપિયાથી વધુ છે. આ નિર્ણયથી રાજ્યમાં કઠોળ અને તેલીબિયાં ઉત્પાદકોને નોંધપાત્ર ટેકો મળવાની અપેક્ષા છે. શ્રી શિવરાજ સિંહ ચૌહાણે ઉનાળુ ૨૦૨૬ની સીઝન માટે ગુજરાતમાં ૧૮,૨૫૦ એમટી મગની ખરીદીને પણ મંજૂરી આપી છે. આ ખરીદી પીએસએસ હેઠળ કરવામાં આવશે અને તેનું કુલ એમએસપી મૂલ્ય ૧૬૦ કરોડ રૂપિયાથી વધુ હશે. આ નિર્ણય રાજ્યના મગ પકવતા ખેડૂતોને બજારમાં વધુ સારા ભાવ મેળવવામાં મદદ કરશે. તમિલનાડુના કિસ્સામાં, કેન્દ્રીય મંત્રીએ રબી માર્કેટિંગ સીઝન (આરએમએસ) ૨૦૨૫-૨૬ માટે મગની ખરીદીની મર્યાદા ૮૮૫ એમટીથી વધારીને ૯૯૦ એમટી કરી છે. તે મુજબ, વધારાના ૧૦૫ એમટી મગની ખરીદી કરવામાં આવશે. મંજૂર કરાયેલી ખરીદીનું કુલ એમએસપી મૂલ્ય ૮.૬૮ કરોડ રૂપિયા થાય છે, જેનો સીધો લાભ રાજ્યના ખેડૂતોને મળશે. તે જ પ્રકારે, હરિયાણા માટે ઉનાળુ ૨૦૨૬ની સીઝન દરમિયાન ૨,૧૧૫ એમટી મગની ખરીદી માટે મંજૂરી આપવામાં આવી છે. ખરીદીનું કુલ એમએસપી મૂલ્ય ૧૮ કરોડ રૂપિયાથી વધુ હશે. આ પગલું રાજ્યના ખેડૂતોને ભાવ સહાય પૂરી પાડવામાં મહત્વની ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા છે. કેન્દ્રના આ નિર્ણયને કઠોળ અને તેલીબિયાં પકવતા ખેડૂતોના હિતમાં એક મહત્વપૂર્ણ પગલું ગણવામાં આવી રહ્યું છે, કારણ કે તે એમએસપીના લાભો સુનિશ્ચિત કરશે અને બજારના ભાવોના દબાણમાંથી રાહત આપશે.

# RRU દ્વારા પંજાબ પોલીસના ૨૬૧ અધિકારીઓને કલાઉડ AI અને પ્રોમ્પ્ટ એન્જિનિયરિંગની તાલીમ આપવામાં આવી



કમલમ્,

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU) એ તેની સ્કૂલ ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ સાયબર સિક્યોરિટી (SITAICS) દ્વારા ૧૫થી ૧૭ જૂન ૨૦૨૬ દરમિયાન ઓનલાઈન લાઈવ વર્ચ્યુઅલ મોડમાં પંજાબ પોલીસના ૨૬૧ અધિકારીઓ માટે “ક્લાઉડ એઆઈ ૧૦૧ અને પ્રોમ્પ્ટ એન્જિનિયરિંગ” પર ત્રણ દિવસીય ફાઉન્ડેશન કોર્સનું સફળતાપૂર્વક આયોજન કર્યુંહતું. આ કાર્યક્રમની શરૂઆત યુનિવર્સિટીના ડીન (ઈન્ચાર્જ) ડૉ. જસબીરકૌર થાધાનીના ઉદ્ઘાટન પ્રવચન સાથે થઈ હતી, જેમણે નોંધ્યું હતું કે છૈ સાધનો અધિકારીઓને માહિતીના વધતા જથ્થાને સંભાળવામાં અને નિયમિત કાગળકામને સ્વચાલિત કરવામાં મદદ કરે છે, જેથી તેઓ પોતાનો નિર્ણય ત્યાં વધુ સારી રીતે લઈ શકે જ્યાં તેની સૌથી વધુ જરૂર હોય. આ કાર્યક્રમનું સંચાલન SITAICS ના ડાયરેક્ટર ડૉ. ચંદ્રેશ પારેખ દ્વારા કરવામાં આવ્યું હતુંઅને તેનુંસંકલન SITAICS ના આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી પૂજન શાહ દ્વારા કરવામાં આવ્યુંહતું. નવ સત્રો અને છ કલાકના પ્રેક્ટિકલ લર્નિંગમાં વિસ્તરેલો આ કોર્સ ખાસ કરીને કાયદા અમલીકરણ અધિકારીઓ માટે તૈયાર કરવામાં આવ્યો હતો. પ્રથમ દિવસે AI)ના પાયાના સિદ્ધાંતો, લાર્જ લેંગ્વેજ મોડલ (LLM) આર્કિટેક્ચર અને પ્રોમ્પ્ટ એન્જિનિયરિંગને આવરી લેવામાં આવ્યા હતા — જેમાં અસરકારક પ્રોમ્પ્ટિંગના ચાર સ્તંભો: રોલ (ભૂમિકા), ટાસ્ક (કાર્ય), કોન્ટેક્સ્ટ (સંદર્ભ) અને આઉટપુટ ફોર્મેટ (પરિણામનું સ્વરૂપ) નો પરિચય આપવામાં આવ્યો હતો. સહભાગીઓએ ઓલામા (Ollama) અને એલએમ સ્ટુડિયો (LM Studio) જેવા ઓફલાઈન એઆઈ સાધનો વિશે પણ માહિતી મેળવી હતી, જે ગૂગલ એઆઈ એજ ગેલેરી (Google AI Edge Gallery) જેવી એપ્લિકેશનો સાથે ઈન્ટરનેટ કનેક્ટિવિટી વિના સુરક્ષિત એઆઈ ઉપયોગને સક્ષમ બનાવે છે. બીજો દિવસ ડોક્યુમેન્ટ ઈન્ટેલિજન્સ પર કેન્દ્રિત હતો, જ્યાં સહભાગીઓએ ક્લાઉડ પ્રોજેક્ટ્સ (Claude Projects) અને NOebokoLM નો ઉપયોગ કરીને ક્રોસ-ડોક્યુમેન્ટ નોલેજ બેઝ બનાવ્યા અને સંદર્ભ-સમર્થિત (સાઈટેશન-બેક્ડ) મલ્ટિ-ડોક્યુમેન્ટ વિશ્લેષણ કર્યું. આ સત્રમાં ભારતીય પ્રાદેશિક ભાષાઓમાં ટેક્સ્ટ અને સ્પીચ પ્રોસેસિંગ માટે મેક-ઈન-ઈન્ડિયા એઆઈ સાધન ‘ભાષિણી’ (Bhasini) નો પરિચય પણ આપવામાં આવ્યો હતો. ત્રીજા દિવસે જવાબદાર AI ગવર્નન્સ, રેડ-ટીમિંગ અને ઝેપિયર (Zapier) દ્વારા નો-કોડ ઓટોમેશનને એકસાથે લાવવામાં આવ્યા હતા. રજિસ્ટ્રાર (ઈન્ચાર્જ) ડૉ. ધર્મેશકુમાર પ્રજાપતિ દ્વારા દીક્ષાંતપ્રવચન આપવામાં આવ્યું હતું, જેમણે તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ તમામ સહભાગીઓને અભિનંદન પાઠવ્યા હતા અને પુનરોચ્ચાર કર્યો હતો કે તમામ એઆઈ-સહાયિત વર્કફ્લોમાં હ્યુમન-ઈન-ધ-લૂપ (માનવ હસ્તક્ષેપ) બિન-વાટાઘાટપાત્ર (અનિવાર્ય) રહેશે. સહભાગીઓનો પ્રતિભાવ અત્યંત સકારાત્મક હતો. અધિકારીઓએ આ તાલીમને ખૂબ જ માહિતીપ્રદ ગણાવી હતી અને નોંધ્યું હતું કે સુવ્યવસ્થિત સામગ્રી, વ્યવહારુ ઉદાહરણો અને પ્રેક્ટિકલ સત્રોએ એઆઈ સાધનો અને પ્રોમ્પ્ટ એન્જિનિયરિંગ તકનીકો વિશેની તેમની સમજણમાં નોંધપાત્ર વધારો કર્યો છે. કેટલાક સહભાગીઓએ ટેક્નોલોજીના વિકાસ સાથે અપડેટ રહેવાની ઉત્સુકતા પણ દર્શાવી હતી અને વિનંતી કરી હતી કે ભવિષ્યના કાર્યક્રમોમાં એઆઈ ના નવીનતમ સંશોધનોનો સમાવેશ કરવામાં આવે—આ એક એવી જરૂરિયાત છે જેને RRU સતત અને અદ્યતન તાલીમો દ્વારા પૂર્ણ કરવાનો ઈરાદો ધરાવે છે. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીનો ઉદ્દેશ્ય વૈશ્વિક સ્તરે રાજ્ય પોલીસ દળો અને રાષ્ટ્રીય સુરક્ષા સંસ્થાઓને તેમની ક્ષમતાઓને મજબૂત કરવા અને ઓપરેશનલ અસરકારકતામાં સુધારો કરવા માટે વિવિધ એઆઈ સાધનો અપનાવવા અને તેનો અસરકારક ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવાનો છે.

# કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને NEET UG પુનઃપરીક્ષાની સજ્જતાનું મૂલ્યાંકન કરવા માટે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી

**શ્રી ધર્મેન્દ્ર પ્રધાને પરીક્ષા પ્રક્રિયામાં અખંડિતતા, પારદર્શિતા અને કાર્યક્ષમતાના સર્વોચ્ચ ધોરણો જાળવવા પર ભાર મૂક્યો**

**શિક્ષણ મંત્રાલય, રાજ્ય સરકારો, NTA અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના વરિષ્ઠ અધિકારીઓ અને પદાધિકારીઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યા**



કમલમ્,

કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને શિક્ષણ મંત્રાલય, રાજ્ય સરકારો, નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના વરિષ્ઠ અધિકારીઓ અને અધિકારીઓની એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી, જેમાં ૨૧ જૂન, ૨૦૨૬ના રોજ યોજાનારી NEET UG પુનઃપરીક્ષાની તૈયારીઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગના સચિવ શ્રી સંજય કુમાર; ઉચ્ચ શિક્ષણ વિભાગના સચિવ શ્રી વિનીત જોશી અને દ્ગછના મહાનિર્દેશક શ્રી અભિષેક સિંહ પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા. બેઠકને સંબોધિત કરતા, કેન્દ્રીય મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને પરીક્ષા પ્રક્રિયામાં અખંડિતતા, પારદર્શિતા અને કાર્યક્ષમતાના સર્વોચ્ચ ધોરણો જાળવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો અને તમામ સંબંધિત સત્તાધિકારીઓને સતર્ક અને સંપૂર્ણરીતે તૈયાર રહેવા નિર્દેશ આપ્યો હતો. તેમણે સંબંધિત અધિકારીઓને આગ્રહ કર્યો હતો કે પુનઃપરીક્ષા મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવે. તમામ સ્તરે સંકલનના મહત્વ પર ભાર મૂકતા મંત્રીએ માહિતી આપી હતી કે મંત્રાલય દ્વારા નિયુક્ત કરાયેલા અધિકારીઓ પુનઃપરીક્ષા પ્રક્રિયા સંબંધિત પ્રવૃત્તિઓનું સંકલન કરવા માટે તમામ રાજ્યોમાં પહોંચશે અને દ્ગછના ડીજીના નેતૃત્વ હેઠળના કમાન્ડ સેન્ટરને રિપોર્ટ કરશે. મંત્રીએ રાજ્ય સરકારોના નિયુક્ત નોડલ અધિકારીઓને એ સુનિશ્ચિત કરવા જણાવ્યું હતુ કે વિદ્યાર્થીઓને તણાવમુક્તવાતાવરણમાં પુનઃપરીક્ષા આપવા માટે તમામ જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવે. શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગના સચિવ શ્રી સંજય કુમારે જણાવ્યુંહતું કે, પરીક્ષા આપવા માટે વિદ્યાર્થીઓને સંપૂર્ણ સહજતા રહેવી જોઈએ, જેના માટે તેમને પરીક્ષા પહેલા બેઠક વ્યવસ્થા અને પીવાના પાણીની જોગવાઈ સહિતની તમામ જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવે. તેમણે રાજ્ય સરકારોના નોડલ અધિકારીઓને આ સંદર્ભમાં પૂરતા પગલાં સુનિશ્ચિત કરવા વિનંતી કરી હતી. ઉચ્ચ શિક્ષણ વિભાગના સચિવ શ્રી વિનીત જોશીએ નોંધ્યું હતું કે અત્યારથી લઈને પુનઃપરીક્ષાની તારીખ વચ્ચેનો સમય ખૂબ જ મહત્વપૂર્ણ છે અને તેમણે સક્રિય સંકલન, સમયસર સૂચનાઓનો પ્રસાર અને તમામ નિર્ધારિત પ્રોટોકોલના કડક પાલનની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. દ્ગછના મહાનિર્દેશક શ્રી અભિષેક સિંઘે જણાવ્યું હતું કે, પુનઃપરીક્ષા સરળતાથી સંપન્ન થાય તે સુનિશ્ચિત કરવા માટે NTAડીએમના નેતૃત્વ હેઠળની જિલ્લા સ્તરીય સંકલન સમિતિઓ, રાજ્યના પોલીસ વિભાગો અને ગુપ્તચર એજન્સીઓ સહિત તમામ સંબંધિત હિસ્સેદારો સાથે મળીને કામ કરી રહી છે. પરીક્ષાની સજ્જતા, સંકલન પદ્ધતિ, સુરક્ષા પ્રોટોકોલ, લોજિસ્ટિકલ વ્યવસ્થાઓ, ફરિયાદ નિવારણ પદ્ધતિઓ અને પરીક્ષાની માર્ગદર્શિકાના પાલન અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને પુનઃપરીક્ષાનું સંચાલન સરળ, પારદર્શક અને અડચણરહિત રીતે થાય તે માટે તમામ હિસ્સેદારો સાથે નજીકનું સંકલન જાળવી રાખવાની સલાહ આપવામાં આવી હતી. હાઈબ્રિડ મોડમાં યોજાયેલી આ બેઠકમાં ૨૨૨ સહભાગીઓએ હાજરી આપી હતી. દેશભરના વિવિધ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના વરિષ્ઠઅધિકારીઓ, કેન્દ્ર સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતી સંસ્થાઓના નોડલ અધિકારીઓ, વાઈસ ચાન્સેલરો અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના ડિરેક્ટરોએ બેઠકમાં ભાગ લીધો હતો. તેઓએ સંપૂર્ણ સહકારની ખાતરી આપી હતી અને જણાવ્યુંહતું કે તેઓ પરીક્ષાના સુચારુ સંચાલન અને ઉમેદવારો માટે એક સરળ અને મુશ્કેલીમુક્ત અનુભવ સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં લેવા માટે પ્રતિબદ્ધ છે.

